જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૯/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:– **સમાચાર યાદી નં.૧૩૭૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૮૬ લીટર દેશી દારૂ, ૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૮૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયત:– **સમાચાર યાદી નં.૧૩૭૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડી:– **સમાચાર યાદી નં.૧૩૭૪/૨૦૨૬**

માધવપુરા: પ્રતાપરામ જીવાજી મેઘવાલ (ઉ.વ.૫૮) (રહે. શાસ્ત્રી લઘુ ઉદ્યોગનગર વાડીલાલ આઈસ ફેક્ટરી નજીક તાવડીપુરા માધવપુરા) એ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૮/૨૦૨૬ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિએ પ્રતાપરામ મેઘવાલના ફોનમાં ગુગલ–પે ઈન્સ્ટોલ કરી ગુગલ–પે દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી બેંક ખાતામાંથી રૂપિયા ૫૯,૦૦૦/– ટ્રાન્સફર કરી લઈ ઠગાઇ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ઝેડ.એન.ઘાસુરા ચલાવે છે.

દાણીલીમડા: (૧) ઉત્તમ જાના શ્રીકાંત જાના (ઉ.વ.૪૦) (રહે. કમલાનેહરૂ પાર્ક સોસયાટી દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૯/૨૦૨૬ કલાક ૧૧/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન ઈન્ટરનેટના માધ્યમથી અજાણી વ્યક્તિએ ઉત્તમ જાના શ્રીકાંત જાના ના બેંક ખાતામાંથી રૂપિયા ૮૯,૯૯૯/– ટ્રાન્સફર કરી લઈ ઠગાઇ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.ટી.દેસાઇ ચલાવે છે.

દાણીલીમડા: (૨) મોહમ્મદયુનુસ ચાંદભાઇ શેખ (ઉ.વ.૫૦) (રહે. રોયલ રેસીડેન્સી શક્તિ સોસાયટી પાસે ગેટ નંબર–૦૪ દાણીલીમડા) એ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૯/૨૦૨૬ બપોરના ૦૪/૩૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૦૯૨૮૮૨૮૪૦૬૪ ના ધારકે મોહમ્મદયુનુસ શેખને કોલ કરી ક્રેડીડકાર્ડ ફ્રી કરી આપવાનુ જણાવી મોહમ્મદયુનુસ શેખના વોટ્સએપમાં મોબાઈલ નંબર ૯૧ ૬૨૮૭૨૫૨૪૭૯ ના ધારકે Indusind Credit Card (1).apk ફાઇલ મોકલી મોહમ્મદયુનુસ શેખના Induslnd Bank VISA Platinum ના ક્રેડીટકાર્ડ માંથી કુલ રૂપિયા ૭૫,૦૦૦/– ટ્રાન્સફર કરી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.ટી.દેસાઇ ચલાવે છે.

વેજલપુરઃ હર્ષિત ભગુભાઇ બારૈયા (ઉ.વ.૪૧) (રહે. અક્ષયકુંજ મીરાનગર સોસાયટી રાજુલપાર્ક સોસાયટી પાસે વેજલપુર) એ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૩/૨૦૨૬ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિએ હર્ષિત બારૈયાનો મોબાઇલ ફોન હેક કરી હર્ષિત બારૈયાના બેંક ખાતામાંથી રૂપિયા ૫૬,૦૦૧/– ટ્રાન્સફર કરી લઈ ઠગાઇ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.

કાગડાપીઠઃ બહેરામપુરા મહાવીર શીતલ વર્ષા કોમ્પલેક્ષ "આયાત વુમન્સ એન્ડ ચીલ્ડ્રન હોસ્પિટલ" ખાતે મેનેજર તરીકે કામ કરતા નિલેશભાઈ અંબાલાલભાઈ પાંડવ (ઉ.વ.૨૮) એ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૯/૨૦૨૬ રાતના ૮/૦૦ થી ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આયાત વુમન્સ એન્ડ ચીલ્ડ્રન હોસ્પિટલના ઓનર ડૉ.શ્રી ફરીનબેન રાઘનપુરી નાઓને એક અજાણ્યા પુરૂષએ હોસ્પીટલમાં આવીને કહ્યુ હતુ કે "મારી આજ કોમ્પ્લેક્ષમાં નીચે સેકન્ડ ફ્લોર ઉપર દુકાન આવેલી છે અને તેનુ આવતીકાલે ઓપનીંગ કરવાનુ છે તમે પણ આવજો" તેવુ મૌખિક આમંત્રણ આપી વિશ્વાસમાં લીધા બાદ કહેલ કે "મારે મહેમાનો આવવાના છે જેથી તમે મને રૂપિયા ૫૦૦ ની નોટોના એક લાખ રૂપિયા આપો હુ તમને રૂપિયા ૧૦૦/– ના દરની નોટોના ૧,૦૦,૦૦૦/–રૂપિયા આપુ" જેથી ડૉ.ફરીનબેન રાઘનપુરીએ કેશીયરને રૂપિયા આપવાનુ કહેતા અજાણ્યો પુરૂષ રૂપિયા ૫૦૦ ની નોટોના રૂપિયા ૧,૦૦,૦૦૦/– લઇ બદલામાં રૂપિયા આપવા સારૂ હોસ્પીટલમાં કામ કરતા મીનાબહેનને સાથે લઇને હોસ્પીટલના દરવાજા સુધી ગયો હતો. જ્યાં મીનાબહેનને કહેલ કે તમે અહી હોસ્પીટલના દરવાજે ઉભા રહો હુ નીચેથી રૂપિયા લઇને આવુ છુ" તેમ કહી રૂપિયા લઇ નાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એ.પટેલીયા ચલાવે છે.

નારોલઃ નારોલ સર્કલ–દેવ હોટલ રોડ પર આર.વી. ડેનીમની સામે આવેલ નાયરા પેટ્રોલપંપ ઉપર મેનેજર તરીકે કામ કરતા મોહમદસલીમ ઇકબાલહુસેન શેખ (ઉ.વ.૩૩)(રહે.મ્યુનિ ક્વાર્ટર્સ, ગંજશહીદ કબ્રસ્તાનની સામે દાણીલીમડા) એ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૯/૨૦૨૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે નારોલ સર્કલ–દેવ હોટલ રોડ પર આર.વી. ડેનીમની સામે આવેલ નાયરા પેટ્રોલપંપ ઉપર આવેલ એક અજાણ્યા પુરૂષએ પેટ્રોલપંપની બાજુમાં આવેલ પ્રકાશ ફર્નીચરના માલીક તરીકે પોતાની ઓળખ આપી તેમની નવી દુકાનના ઓપનીંગમાં પધારવા સારૂ આમંત્રણ આપી, થોડીવાર બાદ ફરીથી પેટ્રોલપંપ ઉપર આવી ત્યાં કામ કરતા સતીષભાઇ સાથે વાત કરી કહેલ કે "પોતાની પાસે ૧ લાખ રૂપિયાની ૧૦૦ ના દરની નોટો છે જેના બદલામાં ૫૦૦ના દરની નોટો આપો, મારે તમારા મેનેજર સલીમભાઇ સાથે વાત થઇ ગઇ છે" તેમ કહી પેટ્રોલપંપ ઉપર કામ કરતા તાહીર નાઓ રૂપિયા ૫૦,૦૦૦/– ની ૫૦૦ ના દરની નોટોનુ બંડલ લઇ પેટ્રોલપંપની બાજુમાં આવેલ ખુશી ફર્નીચર નામની દુકાનમાં અજાણ્યા પુરૂષ સાથે ગયા હતા. જ્યાં અજાણ્યો પુરૂષ રૂપિયા ૧૦૦ ના દરનુ બંડલ આપ્યા વીના રૂપિયા ૫૦,૦૦૦/– લઇ ત્યાંથી નજર ચુકવી નાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.લુવા ચલાવે છે.

વસ્ત્રાપુરઃ રાજુલબહેન ડો/ઓ સુંદરલાલ ઉપાધ્યાય (ઉ.વ.૬૬)(રહે.બાલાજી એવન્યુ, માનસી સર્કલ, વસ્ત્રાપુર) એ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૧/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે આરોપી (૧) Aura Aim Overseas Consultancy ના ઓનર આકાશ ઓનેસ્ટભાઈ પરમાર (૨) તેઓના પાર્ટનર તરીકે કામ કરતા જય તુષારભાઈ રાવલ અને (૩) દિવ્યેશભાઈ પટેલ (ત્રણેય રહે.સમૃધ્ધી બિઝનેશ પાર્ક, લીંક રોડ પાસે, ચીંચોલી બંદર રોડ, માઇન્ડ સ્પેસ, મલાડ–વેસ્ટ, મુંબઈ) એ ભેગામળી રાજુલબહેન પાસેથી તેમના જુદા–જુદા ગ્રાહકોના વર્ક પરમીટ વિઝા કરાવવા સારુ બેંક ટ્રાન્સફર, ઓનલાઈન અને રોકડેથી કુલ રૂપિયા ૩૦,૯૪,૪૨૦/– મેળવી લઈ તેમના ગ્રાહકોના વર્કપરમીટ વિઝાનુ કામ નહી કરાવી આપી તેમજ રૂપિયા પરત નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.ડી.પુરોહીત ચલાવે છે.

ગાયકવાડ હવેલીઃ કુઝીલ ઈરફાનભાઈ હોકાબાઝ (ઉ.વ.૨૨)(રહે. મોટી વ્હોરાવાડ આસ્ટોડીયા ચકલા) એ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૬ બપોરના ૨/૦૦ થી સાંજના ૫/૧૦ વાગ્યા દરમ્યાન ગોળલીમડા "બ્લેક એપલ" નામની મોબાઈલની શોપ ખાતે હાજર કુઝીલ હોકાબાઝના પિતા ઈરફાનભાઈના મોબાઈલ ફોન ઉપર અજાણ્યા મોબાઈલ નંબર ૭૪૯૮૭૮૩૧૭૭ ના ધારકે ડૉ.અમીત તરીકે પોતાની ઓળખ આપી પોતાની પાસેનો આઈફોન ૧૮ પ્રો મેક્ષ મોબાઈલ ફોન આપીને બીજો ફોલ્ડ ૮ અલ્ટ્રા મોબાઈલ ફોન લેવાની વાત કરી ઈરફાનભાઈને વિશ્વાસમાં લઈ કોઈ બીજાની માલીકીનો ફોન પોતાનો કહીને ઈરફાનભાઈને મોબાઈલ ફોન આપી, "SHIVANI PRAMOD CHAVARE" નામના UPI એકાઉન્ટના ધારકે ઈરફાનભાઈ પાસેથી ઓનલાઈન રૂપિયા ૪૯૯૯૯/- અને ૪૮૦૦૦/- એમ બે ટ્રાન્ઝેકશ કરાવી રૂપિયા મેળવી લઈ ફોનના મુળ માલીકને રૂપિયા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.આર.ઝાલા ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ (૧) ગોવિંદરામ તોલારામ થડાણી (ઉ.વ.૭૦)(રહે. રિવરવિલે-વન સોસાયટી, લિલામોની ફલેટસ, રણમુકતેશ્વર મહાદેવ મંદીર હાસોલ સરદારનગર) એ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૯/૨૦૨૬ ના રોજ પોતાના ઘરે ગોવિંદભાઈ થડાણીના મોબાઈલ ફોન ઉપર અજાણી વ્યક્તિએ ઈ-ચલાન.apk ફાઈલ મોકલી, તેના દ્વારા ગોવિંદરામના મોબાઈલ ફોનનો એકસેસ મેળવી તેમનો મોબાઈલ નંબર રજીસ્ટર કરી "phone pay" એપ્લિકેશન દ્વારા ગોવિંદભાઈ થડાણીના બેંકના ખાતામાંથી બે અલગ-અલગ ટ્રાન્જેકશનથી કુલ રૂપિયા ૫,૫૨,૫૬૮/- મેળવી લઈ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.પી.વાઘેલા ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ (૨) નિખિલકુમાર મનુભાઈ પટેલ (ઉ.વ.૩૫)(રહે.ગોકુલધામ લાઈફ સ્ટાઈલ, દેવસ્ય સ્કુલ નજીક, રોયલ રેસ્ટોરન્ટ પાછળ, એસ.પી.રીંગ રોડ, વસ્ત્રાલ) એ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૯/૨૦૨૬ સવારના ૧૧/૧૦ થી સાંજના ૪/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન અજાણ્યા મોબાઈલ નંબર ૮૧૬૦૬૭૪૦૫૫ ના ડીપી ઉપર adani gas તેમજ પ્રોફાઈલમાં adani gas office લખીને મેસેજમાં NOTICE, ADANI gas distribution private limited, DEAR ADANI, Dear pipe line Adani Gas user Your connection will be disconnected tonight 10:00 PM Because your previous month Bill is Not updated. Please immediately call our bill update Officer *Mr Shrikant Mishra *9202101739, Regards Pipe line Gas. Please Contact Adani Gas Office." 9202101739 =Thankyou કરીને Adani Gas Bill Update.apk નામથી એપીકે ફાઈલ મોકલી તેમજ મોબાઈલ નંબર ૯૨૦૨૧૦૧૭૩૯ ના ધારક શ્રીકાંત મિશ્રા અદાણી ગેસના થર્ડ પાર્ટી કોન્ટ્રાકટના કર્મચારીની ઓળખ આપી, એપીકે ફાઈલમાં બીલ અપડેટ કરવા સારુ ડેબીટ/ક્રેડીટકાર્ડની માહિતી મેળવી લઈ, નિખિલકુમાર પટેલના મોબાઈલ ફોનનો એક્સેસ મેળવી તેમના આઈડી અને પાસવર્ડની ચોરી કરી ઓટીપી મેળવી લઈ, તેમના અલગ-અલગ બેંક ખાતાઓ અને ક્રેડીટકાર્ડ માંથી કુલ રૂપિયા ૭,૧૮,૧૮૩/- ટ્રાન્સફર કરી લઈ નિખિલકુમાર પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.પી.ઠાકોર ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ (૩) ભરતકુમાર હરિશભાઈ પરમાર (ઉ.વ.૫૮)(રહે.ન્યુ કૃષ્ણકુંજ સોસાયટી, ગાયત્રી સોસાયટીની બાજુમા, સૈજપુર બોઘા, નરોડા રોડ) એ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૮/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન અજાણ્યા મોબાઇલ નંબરના ધારકે ભરતકુમાર પરમારના મોબાઇલ ફોનમાં ઓનલાઇન ઇન્ટરનેટના માધ્યમથી RTO E CHALLAN.apk નામની ફાઈલ મોકલી મોબાઇલ ફોનનો એકસેસ મેળવી લઇ, ભરતકુમાર પરમારની જાણ બહાર તેમનો મોબાઇલ નંબર જીયો કંપનીમાં પોર્ટ કરાવી, તેમના મોબાઇલ ફોનમાંથી ઇન્ટરનેટ બેકીંગના આઇ.ડી. અને પાસવર્ડની ચોરી કરી ઓટીપી મેળવી, ભરતકુમાર પરમારના ચાર ક્રેડિટ કાર્ડમાંથી કુલ રૂપિયા ૭,૩૩,૫૨૩/– મેળવી લઇ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.વી.પટેલ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ (૪) વિનોદભાઇ કાળીદાસ પટેલ (ઉ.વ.૬૩)(રહે.સોમનાથ નગર સોસાયટી, વિજયનગર રોડ, નારણપુરા) એ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૯/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન અજાણ્યા મોબાઇલ નંબરના ધારકે વિનોદભાઇ પટેલના મોબાઇલ ફોનમાં ઓનલાઇન ઇન્ટરનેટના માધ્યમથી "Google Play Protect" નામની APK ફાઇલ મોકલી, જે એ.પી.કે ફાઇલથી વિનોદભાઇ પટેલના મોબાઇલનો એક્સેસ મેળવી, તેમના મોબાઇલ ઇન્ટરનેટ બેકીંગના આઇ.ડી.પાસવર્ડ અને ઓટીપી મેળવી, વિનોદભાઇ પટેલના ICICI BANK ના ખાતામાંથી કુલ રૂપિયા ૭,૨૨,૪૮૪/– ટ્રાન્સફર કરી લઇ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.વી.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૩૭૫/૨૦૨૬**

ચાંદખેડાઃ કેતનભાઇ રમેશચન્દ્ર નાણાવટી (રહે. એમ.એલ.એ.પ્લોટર્સ સેકટર–૬ ગાંધીનગર) એ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૯/૨૦૨૬ થી તા.૨૯/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ચાંદખેડા મોટેરા હરીઓમનગર–૧ સામે દેવપ્રિયા–૨ ખાતે રહેતા કેતનભાઈ નાણાવટીના બહેનના મકાનના ગેલેરીનો દરવાજો તથા બારીના સળિયા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના, કપડા તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૫,૬૪,૧૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.કે.ભુતીયા ચલાવે છે.

કૃષ્ણનગરઃ રાહુલકુમાર કૃષ્ણપાલ રાજપૂત (રહે. આર્ય ક્રિશ્ના એન્કલેવ સિંધી કોલોની પાસે સૈજપુર બોઘા કૃષ્ણનગર) એ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૯/૨૦૨૬ થી તા.૨૮/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના તાળા તથા નકુચા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના–ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬૬,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. તેમજ પાડોશીના મકાનમાંથી સોના–ચાંદીના દાગીના મળી કિમત રૂપિયા ૭૫,૦૦૦/– મતાની ચોરી થઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે સોલંકી ચલાવે છે.

સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયોઃ– **સમાચાર ચાદી નં.૧૩૭૬/૨૦૨૬**

નરોડાઃ રાજુભાઇ સોમાભાઇ દરજી (ઉ.વ.૬૨) (રહે. હરીહર સોસાયટી લેઉઆ પાટીદાર વાડીની બાજુમાં નરોડા) તા.૨૨/૦૯/૨૦૨૬ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે એક્ટીવા ચલાવી શાંતનુ બંગ્લોઝ સામેની ગલીમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ રાજુભાઇ દરજીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૭૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ રાજુભાઇ દરજી એ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

પાંચમા માળેથી પડી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૩૭૭/૨૦૨૬**

સરખેજઃ સરખેજ મકરબા પામ ઝુમેરા નામની નવી બનતી સાઈટ ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા જરીકુલ મોહમદકમરુલ આલમ (ઉ.વ.૨૫) (મુળ વતન. ઘપરા તા–નિમૌલહાર જી–કટીહાર બિહાર) તા.૨૯/૦૯/૨૦૨૬ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે સાઈટ ખાતે પાંચમા માળે સેન્ટીંગના પ્લાયવુડ ખોલતા હતા ત્યારે પાંચમા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ વખતસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૩૭૮/૨૦૨૬**

ઘાટલોડીયાઃ ફાલ્ગુનીબહેન વા/ઓ ધર્મેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૫૨) (રહે. રન્નાપાર્ક સોસાયટી ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૯/૨૦૨૬ સાંજના ૦૫/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક આર્ના બ્લીશ સાઈટ ડી બ્લોકના આઠમા માળથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતભાઇ ભાઇલાલભાઇ ચલાવે છે.

કૃષ્ણનગરઃ ભગવતીબહેન રાજકુમારભાઈ સુમેરા (ઉ.વ.૪૩) (રહે. અરજણ બાપાની ગલી બુધ મહારાજની ગલીની સામે ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૯/૨૦૨૬ સાંજના ૦૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી